જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૧/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી ૫૮ લીટર દેશી દારૂ, ૨૧૮ ઈંગ્લીશ દારૂ, 30 બિયર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૯૯/૧૬

**વટવાઃ** પરવીનબહેન યાકુબભાઈ મનસુરી (રહે,સદભાવનાનગર ચાર માળીયા વટવા) એ તા.૧૩/૧/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નાજીકથી પોતાની પુત્રી મહેતાબ (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી બી રાણા ચલાવે છે.

## ઠગાઈની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૦/૧૬

**શહેરકોટડાઃ** પ્રદીપભાઈ મનુભાઈ વઘાલીયા (પટેલ) (રહે.માતૃશક્તિ સોસાયટી ઈન્ડીયા કોલોની રોડ બાપુનગર) એ તા.૧૩/૦૧/૧૬ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧/૧૫ થી આજદીન સુધીના સમયગાલા દરમ્યાન આરોપી (૧) હરેશભાઈ પોપટભાઈ પંચાલ (૨) હિતેશભાઈ પોપટભાઈ પંચાલ (બન્ને રહે. નીલકંઠ સોસાયટી બજરંગ આશ્રમ પાછળ હીરાવાડી સૈજપુર બોઘા) અને (૩) દરીયાબહેન લવજીભાઈ પંચાલ (રહે.સુખસાગર બંગલોઝ મનહરલાલ નવા નરોડા) એ ભેગા મળી દરીયાબહેને, કપીલાબહેનનુ ખોટુ નામ ધારણ કરી દસ્તાવેજ કાગળો કરી મકાનના વેચાણ પેટે પ્રદીપભાઈ પાસેથી રૂપિયા ૫,૭૫,૦૦૦/- મેળવી લઈ ઠગાઈ કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન બી સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૧/૧૬**

**નરોડાઃ** અજય મોલસી રાજપુરોહીત (રહે.મધુવનપાર્ક સોસાયટી પાયલનગર નરોડા) એ તા.૧૩/૧/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧/૧૬ રાતના ૯/૦૦ થી તા.૧૧/૧/૧૬ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા નરનારાયણ બસ સ્ટેન્ડ પાસે સુપર ફેશન નામની પોતાની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી શર્ટ નંગ- ૬૦ અને જીન્સ પેન્ટ નંગ- ૨૦૦ મળી કિમત રૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૨/૧૬**

**કાલુપુરઃ** નૃપેશ દિનેશભાઈ શાહ (રહે.વિનાયક સીટી ભાવીક સ્કુલની સામે ચાંદલોડીયા) તા.૧૨/૧/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ગાંધી રોડ બેન્ક ઓફ બરોડાની પાછળ પ્રતાપ સિનેમાની ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યા પુરૂષે નૃપેશ શાહના કપડા ઉપર ગંદુ નાખી, નૃપેશભાઈને કપડા ઉપર ગંદુ પડ્યુ છે તેમ કહેતા નૃપેશભાઈ હાથમાની બેગ મુકી ગંદુ સાફ કરતા હતા ત્યારે અજાણ્યો પુરૂષ નૃપેશ શાહની નજર ચુકવી સોના-ચાંદીના કિમત રૂપિયા ૪,૪૩,૦૦૦/- સાથેની બેગ લઈ પલાયન થઈ ગયો હતો. આ અંગેની ફરીયાદ નૃપેશ શાહે કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી બી મેઘલાતર ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૩/૧૬**

**પાલડીઃ** નૈનાબહેન સંદિપભાઈ વૈષ્ણવ (ઉ.વ.૫૦) (રહે.શારદાકુંજ સોસાયટી વિકાસગૃહ રોડ પાલડી) તા.૧૩/૦૧/૧૬ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસનો બાતલો બદલતા હતા ત્યારે ભડકો થતા નૈનાબહેન દાઝી ગયા હતા. સારવાર માટે વા.સ.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિક્રમસિહ નટવરસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૪/૧૬**

**શહેરકોટડાઃ** ચિંતન યોગેશભાઈ વડોદરીયા (ઉ.વ.૨૫)(રહે.શક્તિનગર લાઈન આંબેડકરનગર પાસે ઓમકાર ફેક્ટરી પાછળ મેમ્કો) એ કોઇ રોજગારી ન મળતા મનમાં લાગી આવતા તા.૧૧/૦૧/૧૬ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઉધઈ મારવાની દવા પી લેતાં, સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તા.સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયદીપસિહ બળવંતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)